શ્રી રામચંદ્રજીના પરમભક્ત

ભક્તરાજ પીપાજી

નાટકના ઓપેરા.

વાંકાનેર “આર્યહિતવર્ધક” નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર—

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક

આવૃત્તિ બીજી—પ્રત ૫૦૦૦

—— ०· ——

—— ० ——

શ્રી “સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ” પાયધુની, તાંબાકાંટા—મુંબઇ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯.

——:०·——

કિમ્મત રૂ. ૦-૨-૦.

૨૫૫૯

અખૂટ કૌવત આપનારી

'આંતક નિગ્રહ ગોળીઓ.'

તદ્દન વનસ્પતીની

આ ગોળીઓ સ્ત્રી પુરૂષો બંનેને એકસરખી ઉપયોગી અતી પોષ્ટિક, પુરૂષત્વ આપનાર, લોહીની શુદ્ધિ કરનાર, ધાતુ રોગોને મટાડનાર અને નિર્બળ માણસને બળવાન કરનાર ઘણીજ ઉત્તમ દવા, કિંમત ગોળી ૩૨ બત્રીસની ડબી ૧ નો રૂપિયો એક.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ ... .. જામનગર કાઠિયાવાડ

બ્રેંચ નંબર ૧ .. ....મુંબઇ........કાલબાદેવી રોડ

બ્રેંચ નંબર ૨........કલકત્તા ... હેરિસન રોડ

બ્રેંચ નંબર ૩........પુના..........બુધવાર પેઠ

બ્રેંચ નંબર ૪.... ...મદ્રાસ........એસ્પ્લેનેડ રોડ

બ્રેંચ નંબર ૫........કરાંચી........બંદર રોડ

પાત્રોનાં નામ.

સૂત્રધાર નટી બાળાઓ—નાટયકાર શ્રી પુરૂષ.

ભકતરાજ પીપાજી—ગાંગરૂણ ગઢના મહારાજા. શ્રી રામચંદ્રજીના પરમ ભક્ત.

સીતા—ભકતરાજ પીપાજીની સ્ત્રી

દીપસિંહ—ભકતરાજ પીપાજીનો કુંવર.

વિક્રાળસીંહ—પીપાજીનો પીત્રાઈ ભાઈ. પીપાજીથી વિરૂદ્ધ વર્તનાર.

શીલગુણીબા—વિક્રાળસિંહની સ્ત્રી.

ભાનુમતી—વિક્રાળસીંહની દીકરી

વાંસડાશંકર—રાજપુરોહિત.

સ્વચ્છંદી—તેની સ્ત્રી

શ્રી રામાનંદ સ્વામી—ભકતરાજ પીપાજીના સદ્‌ગુરૂ રામ સંપ્રદાયના સ્થાપક.

તુલસીદાસજી—શ્રી રામચંદ્રજીના પરમભકત.

કબીરજી
રોહીદાસજી } —ભકતરાજ પીપાજીના ગુરૂભાઈઓ.
ધનો ભગત

શ્રી રામ—પરમાત્મા.

શ્રી કૃષ્ણ—જગતનિયંતા પ્રભુ

લક્ષ્મીજી—શ્રી વિષ્ણુ પરમાત્માની વિભૂતિ

ચીદડ ભગત—અજાચક રામભકત

સુરજમલ—ભકતરાજ પીપાજીનો શિષ્ય.

માયા, ભકિત, મહંત ગોરો, લુંટારાઓ, કણબી. બ્રાહ્મણ, ભુત, જેસંગ, શ્રીરંગશેઠ, ડોસી, ગાંધર્વ કન્યા, ચોપદાર, પ્રજાવર્ગ વગેરે વગેરે.

જાહેર ખબર.

શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપની-માંથી નાટક કંપનીઓ તથા રામલીલા કરવાવાળાને લગતો સેકન્ડહેન્ડ સામાન કીફાયત ભાવે મળશે.

☞ હવે પછી થવાના ખેલો જે થોડા વખતમાં બહાર પડશે.

૧ શ્રી કૃષ્ણલીલા.

૨ નામદેવ ભક્ત.

૩ અખંડ બ્રહ્મચારી ભક્તરાજ ભીષ્મ પિતામહ.

શ્રી રામચંદ્રજીના પરમભકત ભકતરાજ પીપાજીના નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્ર. ૧ માં—ઇશ્વર સ્તુતિ સાથે સૂત્રધાર તથા નટીની નાટય પ્રયોગ સંબંધી વાતચીત.

પ્ર. ૨ માં—દેવિ મંદિરમાં સાધુઓને પ્રેમથી પીપાજીએ કરાવેલ ભોજન, વિક્રાળસિંહની સાધુ પ્રત્યે ઇર્ષા, સાધુઓએ શ્રી રામકૃષ્ણને થાળ ધરાવવો.

પ્ર. ૩ માં—સેનાપતી વિક્રાળસિંહની પુત્રી ભાનુમતી દેવીના મંદિરમાં મહારાજા પીપાજીનાં પુત્ર દીપસિંહને જોવાથી તેનુ અંતઃકરણ પ્રેમી બનેછે. સખીયો તેની ચેષ્ટા કરેછે તેવામા કુમાર દીપસિંહ ત્યાં આવેછે. અને બન્ને જણાં પરસ્પર અંતઃકરણ ઓળખી પ્રેમને દૃઢ કરવા વચન આપેછે.

પ્ર ૪ માં—સીતાજીની સખીયો સાથે હરિચર્ચા કર્યાબાદ રામકૃષ્ણનું ભજન કરવાનો શીલગુણીબાને બોધ. પાછળથી પ્રભુ મહિમાનો રાસડો.

પ્ર ૫ માં—શ્રી વીષ્ણુ તથા લક્ષ્મીજી આનંદમાં બેઠાંછે. ત્યાં ધર્મરાજા પીપાજી પ્રભુ ભક્ત થવાને યોગ્ય થયા છે. તેવા ખબર આપેછે. શ્રીવિષ્ણુ

પીપાજીનાં કુળદેવીને બોલાવેછે ને તેને પ્રભુ ભકત બનાવવાની સૂચના આપેછે.

પ્ર. ૬ માં—દેવીએ પીપાજીને નિદ્રામાંથી ઉઠાડી પોતાનો થાળ રામકૃષ્ણને પ્રથમ ધરાવતાં પોતે ક્ષુધાતુર રહ્યાં તે બાબત સૂચના. પીપાજીનો દેવી પ્રત્યે પ્રેમ દેવીએ મુક્તિ મેળવવા કાશીજીમાં સદ્‌ગુરૂ શ્રી રામાનંદજી પાસે પીપાજીને જવા કહેવું. દેવી અદ્દશ્ય પીપાજીનો પશ્ચાત્તાપ પ્રધાન, વિક્રાળસિંહ તથા રાણીનું આવવુ. પીપાજીનુ વલણ શ્રી રામકૃષ્ણ પ્રત્યે જોઇ રાણીનો આનંદ. પીપાજીનો કાશી તરફ સદ્‌ગુરૂને મળવા જવાનો નિશ્ચય.

પ્ર. ૭ માં—પુરોહિત વાંસડાશંકર તથા તેની સ્વચ્છંદીઓનો હલકો ગૃહસ્થાશ્રમ ત્યા સ્વચ્છંદીનો પિતા આવેછે તેને વાંસડાશંકર લાડવા બદલે રોટલો ખવરાવેછે અને સુતા પછી સ્વચ્છંદીના હાથે પોતાને બદલે ડોસાને માર ખવરાવેછે

પ્ર. ૮ માં—પ્રેમની લગનીમા લીન થયેલી ભાનુમતી પોતાનાં લગ્ન રાજકુમાર દીર્પાસંહ સાથે થાય તે માટે માતપિતાને સૂચના આપવા દાસીઓને સમજાવેછે તેની માતા તેમા પુષ્ટિ આપેછે. તેવામા વિક્રાળસિંહ આવી ભાનુમતીના પ્રેમી હૃદયને વજ્ર પ્રહાર જેવા વચનોથી ચૂર્ણ કરી તે ન સમજે ત્યાંસુધી ભૂમીતળમા ઓરડામા પુરી રાખવા કહેછે.

પ્ર. ૯ મા—શ્રી કાશીજીમા ગંગાકાઠે શ્રી રામાનંદજીના આશ્રમમા સદ્‌ગુરૂ શ્રી રામાનંદજી ધ્યાનસ્થ હોવાથી શ્રી તુલસીદાસજીએ કબીરજી,

ધના ભગત, રોહીદાસ અને સંત મંડળને કલિયુગના મહિમાની કથા કહેવી. પીપાજીનું આવી સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામીનાં દર્શન કરવા બાળ ભકતને વિનતિ કરવી. ગુરૂએ તેની કસોટી કર્યા બાદ ગુરૂમંત્ર આપી રાજ્ય તરફ વિદાય કરતાં સાધુસંતની સેવા તથા દયા, દીનતા, સત્ય સંબંધી બોધ કરવો. પીપાજીએ સદ્‌ગુરૂની રાજ્યમાં પધરામણી કરવા કહેવું. શ્રી દ્વારિકાધીશની જાત્રા કરતી વેળાએ શીષ્ય મંડળ સહિત જવાનું કહેતાં પીપાજીનો હર્ષ, શ્રી રામનામના ભજન.

અંક બીજો.

પ્ર. ૧ માં—વિક્રાળસિંહના હુકમથી સિપાઇઓએ સાધુઓને પકડવા. ત્યાં કુમાર દીપસિંહનું આવવું ને સિપાઇઓને ધમકી આપી સાધુઓને છોડાવવા. વિક્રાળસિંહનો જુલમ જોઇ દિલગીર થવું.

પ્ર. ૨ માં—કચેરીમાં વિક્રાળસિંહનો સાધુ ઉપર જુલમ. ત્યા પીપાજીનું અચાનક આવવું સાધુને બાંધેલા જોઇ ચકીત થવું. પીપાજીએ સાધુ પાસે ક્ષમા માગવી. વિક્રાળસિંહને ધીટકાર આપવો. વિક્રાળસિંહે પોતાનું સાચું કહેતાં દેશપાર કરવો. વિક્રાળસિંહનું અપમાન થવા બદલ વેર વાળવા પ્રતિજ્ઞા કરી ચાલ્યા જવું.

પ્ર. ૩ માં—શ્રી રામાનંદ સ્વામી તથા તુલસીદાસજી, કબીરજી વગેરે રસ્તામાં સાધુસંત મુખદ્વારા પીપાજીના વખાણ સાંભળી ખુશી

થવું. ભોજન માટે પીપાજીએ સિપાઇને મોકલેલ તેને શ્રી સદ્‌ગુરૂના દર્શન થતાં ખુશી થતા શુભ સમાચાર આપવા જવું.

પ્ર. ૪ મા—શીલગુણીબાનું ભાનુમતીને તેની લીધેલી હઠ છોડવા સમજાવવું ભાનુમતી ! દૃઢ રહેવું વિક્રાળસિંહનું આવવું. શિલગુણીને તથા ભાનુને પોતાની સાથે બીજા રાજમા આવવા કહેવું. મા દિકરીનું નહી માનવું. ભાનુમતી સામે થવાથી વિક્રાળસિંહે તલવાર કાઢી મારવા દોડવું કુમારનું હાજર થવું અને તેને એકદમ રાજ્યની હદ છોડી ચાલી જવા કહેવું. ભાનુમતીએ કુમારનો આભાર માનવો

પ્ર ૫ મા—પાટવી કુમારના લગ્ન તથા રાજ્યાભિષેક થઇ જવાથી સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી તથા ગુરૂભાઇઓને તીર્થયાત્રા કરવા સાથે લઇ જવા પીપાજી [illegible] રાણીઓનું આવવું પોતાના પતિને [illegible] જવા [illegible] માગણી કુમારજીએ રાણીઓની પરીક્ષા [illegible] સદ્‌ગુરૂ [illegible] પતિભક્ત જોઇ તેને સાથે આવવા કહેવું.

૧ પ્ર. ૬ મા—વાસડાશંકરની બો સ્વચ્છંદીનું પોતાના બાપને પડેલા મારનો બદલો લેવા તેના ભાઇને સમજાવવું વાસડાશંકરનું આવવું સ્વચ્છંદીના કહેવાથી ભીમજીના ખડાયામા દ્રવ્ય છે તેથી લોભાય બ્રાહ્મણનું ચોરવા જતા ચોર ચોર કહી કુટી મારવો

પ્ર ૭ મા—ભાનુમતીનું પોતાના લગ્ન રાજકુમાર સાથે થવાથી ખુશી થવું. દાસીઓની મીઠી મશ્કરી. કુમાર દીપસિંહનું આવવું. સત્ય પ્રેમની પરિસીમા.

પ્ર. ૮ માં—રાણીઓએ પીપાજીને રાજ્યમાં લાવવા વાંસડાશંકરને લાંચ આપી બ્રહ્મહત્યા કરવા મોકલવો. બ્રાહ્મણના હવાઇ વિચારો. પીપાજી સાથે સદ્‍ગુરૂનુ આવતાં બ્રાહ્મણે હત્યા આપવી. ગુરૂએ સજીવન કરવો અને ભક્તિ કરવા સૂચવતાં બ્રાહ્મણે મુવા બાદ જોએલો જમપુરીનો ચિતાર દર્શાવતાં સંતોને નહી સંતાપતા ચાલ્યા જવું.

પ્ર. ૯ માં—દ્વારિકામાં તીર્થયાત્રા કરવા નિકળેલ પટેલીઆઓની નિર્દોષ વાતચીત.

પ્ર ૧૦ મા—માયા તથા ભક્તિનો વાદવિવાદ. પીપાજી તથા સીતાનુ સોનાની દ્વારિકાંના દર્શન કરવા આવવુ. વસ્ત્રાલંકાર જોઈ તેને સ્પર્શ નહી કરતા અડગ રહેવુ માયાને પીપાજીની શ્રદ્ધા દેખાડવા ભક્તિનુ પ્રગટ થવુ તેને સોનાની દ્વારિકા સમુદ્રમાં છે એમ કહેવુ. પીપાજી તથા સીતાનું તેના વચનપર વિશ્વાસ રાખી દર્શનની ઇચ્છાએ સમુદ્રમા પડવું. સમુદ્રમાંથી સોનાની દ્વારિકા થાયછે ત્યાં પીપાજી તથા સીતાને દ્વારિકાધીશના દર્શન થવા. શ્રીકૃષ્ણનો ભક્તો પ્રત્યે પ્રેમભાવ.

અંક ત્રીજો.

પ્ર ૧ માં—સમુદ્રમાંથી શ્રી કૃષ્ણ પરમાત્માએ આપેલી છાપો લઇ પીપાજીનું બહાર નીકળતાં શહેરના તમામ લોકોની પીપાજી પ્રત્યે પ્રેમ

ભરેલી લાગણી સાથે હાર પહેરાવવો. પીપાજીનો બોધ અને છાપ આપી જાત્રાળુઓને નિશાની છાપવા કહેવું.

પ્ર ૨ માં—અજાચક ચીંદડ ભકતની ધર્મશાળામાં પીપાજી તથા સીતાનુ આવવું. ચીંદડ ભકતની દુર્બળ અવસ્થાથી પોતાની સ્ત્રીની સાડી વેચવા જવું, પાછળથી બીજી સાધુની જમાત આવતાં સીતાએ ચીંદડ ભકતની દુર્બળ અવસ્થાની વાત કહેતા પીપાજીની પ્રભુ પ્રાર્થનાથી ચીંદડ ભકતની અજાચકની ટેક રાખવા માટે શ્રી રામચંદ્રજીનું વાણીયા વેશે આવી સૌ સાધુઓને જમાડવુ. ચીંદડ ભકતને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવી પીપાજીનું સુરજમલના રાજ્યમાં જવુ.

પ્ર. ૩ મા—લુટારાઓનો સરદાર બનેલો વિકાળ પીપાજી તથા સીતાને મારવા અવળે રસ્તે ચડાવી સિંહ પાસે શીકાર કરાવતાં સિંહ સિંહણ તથા બચ્ચાંનુ પીપાજીના પગમાં પડવું. પીપાજીએ તેમને નરસિંહ મહેતો તથા માણેકબાઇ અને તેના પુત્ર પુત્રી થઇ ભક્તિથી શ્રી કૃષ્ણ પરમાત્માને પ્રસન્ન કરી વૈકુંઠના અધિકારી થશો એવો આશીર્વાદ આપવો. પીપાજી તથા વિકાળસિંહનો સંવાદ થતા વિકાળસિંહ પીપાજીને મારવા જતાં શ્રી રામચંદ્રજીનું ધનુષ ધારી પ્રગટ થવુ. વિકાળસિંહનુ ભયભીત થઇ ભાગવુ. શ્રી રામચંદ્ર ભગવાનની ભકતો પ્રત્યેની અપૂર્વ લાગણી.

પ્ર. ૪ માં—શ્રીરંગ શેઠના દીકરા જેસંગની વહુ ઉપર ગામ બહારના ભડકીયા કુવામાં રહેનારો ભુત આશક પડવાથી તે ભુત પોતાનું

૨૫૫૯

સ્વરૂપ માયાના પ્રભાવે જેસંગ જેવું લઇ તેની સ્ત્રી સાથે એશારામ કરેછે તેવામાં તેના સાચા પતિ જેસંગનું આવવુ. ભુત તથા જેસગની મારામારી, સ્ત્રીનો કકળાટ સાભળી શ્રીરગ શેઠ તથા ડોશીનું આવી બે દીકરા જોઇ આશ્ચર્ય થવુ. બાદ પીપાજીને બોલાવતા તેણે આવી શ્રીરામ નામના પ્રભાવે ભુતનો ભડકો થઇ ઉડી જવું પીપાજીએ સુરજમલને આપેલો બોધ. સુરજમલની કસોટી સાથે અડગ વૃત્તિ જોઇ શિષ્ય કરવો.

પ્ર. ૫ માં—શ્રીવિષ્ણુ પોતાના ભકત પીપાજીને ત્રિકાળસિંહ અસહ્ય દુઃખ આપેછે તેથી ગુસ્સે થવું. લક્ષ્મીજીના વાર્તાલાપથી શાન્ત થઇ પીપાજીને સકટ મુકત કરવા જવું

પ્ર. ૬ માં—વિકાળસિહનો પીપાજીનું વેર વાળવા સુરજમલની કચેરીમાં નોકરી કરવા જવાનો વિચાર ચોરોને લુંટ નહીં મળવાથી દિલગીરી બાદ પીપાજીને મળેલો સોના મહોરનો ઘડો પાછો મુકવા જવો. ચોરોને અચાનક ઘડો મળતા પીપાજીના ગયા બાદ ઘડો ઉપાડતા અંદરથી વીછીનુ કરડવું, જેથી ચોરોએ તેજ ઘડો પીપાજીને મારવા લઇ જવો.

પ્ર ૭ માં—ગાંધર્વ કન્યાને શાપ થવાથી પૃથ્વી ઉપર ઢેડને ત્યા ઉછરેલી જેને વિકાળસિંહ મળતાં ભકત પીપાજી પાસે મોકલવી. ત્યાં તમારો ઉદ્ધાર થશે જે સાભળતાં બને ગાધર્વ કન્યા કે જે નીચ જાતીમાં ઉછરેલી છે તેનું ભકતરાજ પીપાજી પાસે જવું.

પ્ર. ૮ માં—પીપાજી તથા સીતાના જગતના જીવોના ઉદ્ધાર માટે ઉદગાર. ચોરોએ આવી પોતાને વીંછી કરડયાનું વેર વાળવા ધડો પીપાજીના માથામા મારવા જતાં સોના મહોરનું દેખાવું જેથી આશ્ચર્યતા પીપાજીએ તેને સોના મહોરો આપી ચોરીનો ધધો ન કરવા કહેવું. ગાંધર્વ કન્યાનો ઉદ્ધાર. ત્રિકાળસિંહના કહેવાથી વાણીઆએ ખોટુ નામુ લખી પીપાજી રૂપીયા નથી આપતા એવી ફરીયાદ કરી રાજાને સાથે તેડી આવવું. ભકતના પ્રતાપે વાણીઆના ચોપડા કોરા થવાથી સત્ય જાહેર થવુ. સુરજમલના હુકમથી વિક્રાળસિંહનુ પકડાવુ વિક્રાળસિંહ પોતે નહી ફાવવાથી ખષ્ટ પડી પીપાજીને મારવા જતા કાળનું પ્રગટ થવું. નર્કસ્થાનમાં વિક્રાળસિંહ પડતા દુ.ખોનો દયાજનક દેખાવ. પીપાજી તથા સીતાને અચ્યુત ભગવાન પાસે લઇ જવા ધર્મરાજાનુ સોમ્યસ્વરૂપે આવવુ ભકતોનું અચ્યુત પદમા વિચરવુ. અચ્યુત પદનુ અવલોકન. પ્રયોગનુ પૂર્ણ થવું

ॐ શાન્તી ! શાન્તી !! શાન્તી !!!

શ્રી રામચંદ્રજીના પરમભક્ત

ભક્તરાજ પીપાજી

નાટકનાં ગાયનો.

ઈશ્વર સ્તુતિ.

સૂત્રધાર—ગાયન— (૧)

જય જય જગનાથ, સમરી સૌ સાથ
મૂર્તિ સુંદર પ્યારી, અંતર માંહી ઉતારી
અવિકા......રી—જય.

સુખ કરતા, દુખ હરતા, મુદ ભરતા, જગ કરતા અઘ હરતા
એવા દીનના દયાળ, પ્રણુતના પ્રતિપાળ,
ભકતોની લેનારા ભાળ, ક્રૂર જન કેરા કાળ,
શ્રી....... અવિનાશી અમપરે,
કહ્રીત કરો કરૂણાય,
પ્રયોગ પરમાન દથી,
પૂર્ણ આજ અમ થાય,
અર્જ મારી, લ્યો સ્વીકારી, શ્રી મુરારી... એવા—જય.

નટી—ગાયન— (૨)

શ્રીવર સુખકર, અરે હાં,
સુંદર શામળારે, કમનીય કાનુડારે... શ્રી.

ત્રિભુવન કરતા, અસુર સંહરતા,
ધીર મુનિ ધરતા, ધ્યાનમાંરે,
ધ્યો નર વરતા, ભવ ભય હરતા,
નારદ ગાતા ગાનમાંરે........
જય જય કરતા............... શ્રી

ગુજારી-પીપાજી-વગેરે—(૩)

અંબે માત આરાસુરી,
આધિ વ્યાધિ ઉપાધિ હરી,
ભકત જન સુખકારી . ... અંબે
કાલિકાનુ રૂપ ધરી, અસુરનો સંહાર કરી;
દેવતાના દુખ હરી, એવી માત ઉર ધરી......અંબે.
રંક બાળ પાળનાર, દુખ સર્વ ટાળનાર;
ત્રિશળ શક્તિ ધારનાર, દેવિ તુ અતિ દાતાર...અંબે.

સાધુઓ— (૪)

હળવે હળવે હળવે હરજી, મારે મંદીરીએ આવો રે,
મોટે મોટે મોટે પ્રભુને, મોતીડે વધાવો રે.
કીધું કીધુ કીધુ મુજને, કાંઇક કામણ કીધું રે,
લીધુ લીધું લીધું મારૂં, ચિતડું ચોરી લીધુ રે.
ભુલી ભુલી ભુલી હુંતો, ઘરનો ધંધો ભુલી રે;
જાગી જાગી જાગી હુંતો, હરિ મુખ જોવા જાગી રે.
ભાગી ભાગી ભાગી મેં તો, ભવની ભાવઠ ભાગી રે.
મળીયો મળીયો મળીયો, સુંદર શામળો અમને મળીયોરે.

સાધુઓ— (૫)

જમો જમો જગના આધાર, જુગતે જમાડું,
શામળીઆ સરજનહાર, રંગમાં રમાડું,
બેસો બેસોને બાજોઠ, લાલજી લટકાળા,
ભોજનીયા પીરસ્યાં મેં, રસભેર રૂપાળાં,
નાનડીયા નટવર રે, નેત્રોના તારા,
કરજોડી કહીએ રે, મોહન વર મારા.

ભાનુમતી— (૬)

ગુલાબ ફુલ (૨) ગુણી ગ્રાહક વિના જુવો જુવો કરમાય,
કોઇ ચતુર સુઘડ નર મુદથી તે મેળવવાને ચીત ચ્હાય;
ગુલાબ ફુલ આ લાલ ઉત્તમ હાલ એ દરશાવતું,
પ્રેમી જનોને માટે શુભ પમરાટ એ પ્રસરાવતુ;
કોઇ ક્રૂરના કરમાં જઇ કચરાવવા નવ ધારતું,
ભોગી ભ્રમર લોભાવવાને ખુબ ખુશબો મારતું—ગુલાબ.

દીપસિંહ—ભાનુમતી— (૭)

વચન વ્હાલી આપુ છઉં વર વામરે,
નાશી નિશદિન નહીં ભૂલે નાથ નામરે;
માલ ધારી હાથે કહીશ સ્વામી સ્વામી,
શીસ સ્નેહે નામી જેમ ભક્તિ ગામી રટે રામરે;
મુજ મન મંદિરની મણી, બાનુ માનુ એક,
ઇશ્વર આ અંતર તણા, અવર નહીં એ ટેક;

આભારી આ હારા છે પ્રીતમ પ્યારા
જીવનના આધારા,
ગુણીયલ ગૌરી મારા સુખ ધામરે——— ———વચન.

સીતા— (૮)

નામ તમારૂં શ્રી પ્રભુ સુખ કર,
આ રતની આ અરજી ઉર ધર,
કરૂણા કર કીરતાર……
દુખ હર દાતા, છો પિતુ ભ્રાતા,
ભય હર ભ્રાતા, છો વિખ્યાતા,
ત્રિભુવન ત્રાતા, છો ગુણ જ્ઞાતા,
મમ પતિ હૃદયે, તુજ ભકિત ભર નામ

સીતા—દાસીઓ (૯)

રમા વર રામજીને રીઝાવો
બ્હેનો અવસર નહિ મળે આવો ફરી ફરી. અવ
શુદ્ધ મનેથી સેવા કરીને, સદ્‌ગુરૂ શરણે જાઓ,
ભૂધરજીની ભકિત કરીને, લ્યો લાખેણો લ્હાવો અવ
શ્રીવર અશરણ શરણ છો, ભય ભંજન ભગવાન,
વિઘ્ન નિવારણ વ્રજપતિ, શામળીયા સુખ ધામ.
તારા નામની ગ્રહી માળા, શ્રી રામજી રઢીયાળા,
છેહ દેશોમાં છેલ છોગાળા, રામજી રઢીયાળા
પૃથ્વીના પાળનાર, અહલ્યા ઉધ્ધારનાર,
વાળી વીદારનાર, ભક્તોને તારનાર,
ગોવિંદના ગુણ ગાવો ફરી ફરી.

ત્રિભુવન નાથ અનાથના, દીન બંધુર દાતાર,
શરણાગતની સર લ્યો, જગજીવન આધાર,
છો પ્રણતના પ્રતિપાળ, પ્રભુજી પાતળીયા,
દીન બધું છો દીન દયાળ, પ્રભુજી પાતળીયા,
ભાવે ભકિતનો રસ પાવો, ફરી-ફરી— રામજી.

લક્ષ્મી— (૧૦)

જય ગીરીવરધારી ઘનશ્યામ,
ભકતો અંતરના અભિરામ;
મોરમુગટ કુંડળ મકરાકૃત–શોભીત મન લોભીત
ધરણીધર સુંદર સુખના ધામ—ભ.

કૃષ્ણ }
લક્ષ્મી— } (૧૧)

માનુ નહીં માનું નહીં મા તમારી વાત,
જાણુ પીછાણુ છુ વહાલા તમારી વાત;
ભકતો સભારી હુજને વિસારી,
કાને ન કહિએ ધરાએ અમારી વાત,
ધરા ધરૂ તો ધરી શકું ધીર ન ધારી જાય,
થાય અતિ દુખ થાય ઉર રમણી રીસ કરાય;
ક્રોધ નીવારો માન ઉતારો,
જાઓજી જાઓ હું જાણુ તમારી વાત— માનું.

પીપાજી—સીતા— (૧૨)

ભકિત ભાવેથી કરી લેને તું રૂડા રામની,
રૂડા રામની કરી લે સીતા રામની,

વૈભવ તારા બહુ વિખરાઇ જાશે સહુ,
માળા તું ગ્રહી લે હેતે હરિ નામની હે— ભકિત.
જગ કરતાના જશ નવ ગાયા
કાચી આ કાયા તારી શું છે કામની હે— ભક્તિ.

વાંસડાશંકર
સ્વચ્છંદી } વિગેરે— (૧૩)

મારે રોયે મારે માયે કરી ભાગી,
ક્રોધ ધારી બાપ મારી થઇ અકારી— મારે
માર ખાધો બહુ, દુખ કોને કહુ,
બહુ દિવસની દાઝ મેં ઉતારી— મારે
મારે નસીબે નારી નઠારી
ભુલી ભરોમે બીચારી...હાય હુતો
ધુતારી તુ ઠગારી તું,
તારાં છાજીયા લઉ વારી વારી— મારે.

ભાનુમતી— (૧૪)

પ્રેમની લાગી મને કારી ઉરમા કટારી, દેહની શુદ્ધિ મે વિસારીરે,
કામ સ્વરૂપે કુંવરની છબી, કપટી છે કામણગારીરે—ઉરમા.
પવિત્ર પ્રેમની પુષ્પ લતાપર, ખીલી કળી છે ખુશકારીરે—ઉરમાં

ભાનુમતી— (૧૫)

પુરા પ્રેમ તણા પ્રતિપાળ મને લાલએ લલચાવે,
મારા મનનો માલીક મોટો,

જોઇ જાતે બન્યો જોટો,
ચિતમાં ચતુર નર ચોંટયો;
દેહભાન સર્વ ભુલાવે,
સુતાં ઝબકી હુ જાગું;
જ્યા ત્યાં જોવાને ભાગુ,
પ્રભુપાય પ્રીતે લાગુ;
મુજ મનમોહનથી મીલાવે

તુલસીદાસજી— (૧૬)

રામ રામ રઘુરાઇ, રાજીવ લોચન, ભવ ભય મોચન;
તવ કૃપાસે ભક્તિ પાઇ—રામ.
જય જય દશરથ કુમાર, પાપ પુંજ અમ વિદાર;
શ્રી સીયાવર સુખદાઇ—રામ.

તુલસીદાસજી— (૧૭)

" કલિયુગનો મહિમા. "

જેહિ સુમિરત સિધિ હોઇ, ગણુ નાયક કરી વર વદન;
કરૈ અનુગ્રહ સોઇ, બુદ્ધિ રાશી શુભ ગુણુ સદન.
સીયાવર રામચંદ્ર દેવની જય.
કલિમલ ગ્રસેઉ ધર્મ સબ, ગુપ્ત ભયે સદ્ ગ્રંથ;
દભિનં નિજમત કલ્પિ કરી, પ્રગટ કીન્હ બહુ પંથ—સીયાવર.
નારિ બિબસ નર સકલ ગુસાઇ, નાચહિ નટ મર્કટ કીનાઇ;
સબ નર કામ લોભ મદ ક્રોધી, વેદ વિપ્ર ગુરૂ સંત બિરોધી,
ભયે વરનસંકર કલિહિં, ભિન્ન સેતુ સબ લોગ,
કરહિં પાપ દુખ પાવહીં, ભય રૂજ શોક બિયોગ.

કલિયુગ સમ યુગ આન નહિં, જો નર કર વિશ્વાસ,
ગાઇ રામ ગુણ ગણ બિમલ, ભવ તરૂ બિનહિં પ્રયાસ.

(૧૮)

સંતો—ભજન મેં મગન રહેના રામ સંતો લગી લગન બરી આઇ
તુલસી-તુલસી આ સંસારમે, ભાત ભાત કે લોગ,
સબસે હીલ મિલ ચાલીયે, પ્યારે નદી નાવ સંજોગ ભ.
કબીર-સાહેબકા ઘર દુર હય, જયસી લંબી ખજુર
ચડે સો ચાખે પ્રેમ રસ, પ્યારે ગીરે સો ચકનાચુર. ભ.
તુલસી-દયા ધર્મકા મૂલ હય, પાપ મૂલ અભિમાન
તુલસી દયા ન છાડીએ, પ્યારે જબ લગ ઘટમે પ્રાન. ભ.

સાધુઓ— (૧૯)

ભજ રામસીયા જીને જનમ દીયા
નહિ ધર્મ કીયા ધીક જન્મ લીયા
સતિયા સત ન છોડીયે પ્યારે, સત છોડે પત જાય—ભજ.
સતકી બાંધી લક્ષ્મી પ્યારે ફીર મીલેગી આય—ભજ.
સત્ય વચન ઔર દિનતા પ્યારે, પર સ્ત્રી માત સમાન—ભજ.
ઇતેપર પ્રભુ ના મીલે તો તુલસીદાસ જમાન—ભજ.

દીપસિંહ— (૨૦)

હરામી બદનામી અહીંથી જા.
કાળુ મોઢુ લઇ દૂર તું થા.—ટેક.
વફાદારી ભારે રાજની તું કરે,
ડોળ એવો ધરે જાણું છું હું;

સાધુથી ઝરે છે હરેથી વેર છે,
બસકર બસકર પાપી છે તું;
નિરમાની-નિરલોભી-
નિરદોશી -નિષકામી સાધુઓ છે.
તેથી પિતાને આવવા તું દે;
પછીથી હાલ જે થાય તે જોજે,
નાહક સાધુને પિડતા પાપી,
હરામી છે તું, બસકર બસકર.

તુલસીદાસજી— (૨૧)

પાવે નહિ કછુ પાર જગતમે
શરણુ ગ્રહી પ્રભુ સુકીત કરી લે પાવે.
બેદ પુરાન અરૂ ગીતામેં
રામ રમે સબ એક નિરખ લે પાવે

ભાનુમતી— (૨૨)

પીડ પ્રેમની પૂરી પ્રેમી પીછાણી જાણે,
જેને જીગરની લગની લાગી;
અંતરનો અનુરાગ જો પ્રીત પતંગ તણી વખણાયે,
સૌમાં અધિક ગણાય એતો,
અગનમાંહ હોમાય એતો...પીડ.

દીપસિંહ તથા ભાનુમતી— (૨૩)

વહાલા આવીયા દુખથી રીબાતી ગણીને આવીયા.

માનસસરના એ રાજહંસજી વાલમજી વહાલને,
પ્રીતમજી પ્યારને આભારી નારીને ઉર ભાવીયા.–વ.
પ્યારી તારે પ્યારે છે પરવશ બનાવ્યો,
ગોરી તારા ગાલે છે લાલીયો;
પહેરાવું હું નવીન સાડીયો,
ગળે ફુલમાળ ને ધરી શ્રૃંગારને
ચાલો રસીલા મેમાનીયા

(૨૪)

તુલસીદાસજી—
કબીરજી—
રામાનંદજી— } ધન્ય ધર્મ વીર કર્મ તારૂં જોઇ;
પ્રફુલ્લ થાયછે મન મારૂં. ધન્ય.

પીપાજી-સીતા—સંસારીનું સુખ છે ખારૂં;
મને રામ નામ લાગે પ્યારૂં.

તુલસીદાસજી—ગંગા યમુના સરસ્વતી, સાથ સિંધુ ભરપૂર;
તુલસી ચાતક કે મતે, બિન સ્વાતિ સબ ધૂર.
એક ભરૂસા એક બળ, એક આશ બિસ્વાસ;
સ્વાંતી સલિલ રઘુનાથ બન, તુ ચાતક તુલસીદાસ.

વાંસડાશંકર—વિગેરે— (૨૫)

જુવો જુવો જગતની નારીયો,
ભાઇ બહેને મળી મુને મારીયો,
જીવ લેવા મેં તો તારો ધારીયો,
પણ પૂર્વના પુન્યે ઉગારીયો,
બાપાને માથ હતો બહુ માર,
ખરે જણાવ્યો તેનો તમે ખાર;
ડોળ ધરી દુનીયામાં મોટા બહુ બહુ કરો બડાઇ,
કુંભારજાને કરૂં પાસરી તોજ વાંસડા ભાઇ.

ભાનુમતી— (૨૬)

રાજકુંવર રઢીયાળા હૈયાહાર જીવનઆધાર શુભ શણુગારને
ભેટું હુ કયારે.

ઘડીપળમાં મુજમનમા કંઇ થાય રે ભેટું હુ કયારે.
પ્રેમે પધારો પ્યારા, દર્શન ઇચ્છેછે દારા
વીલંબ જો વ્હાલા કરશો તો જીવ જશે નિરધાર,
ગુણવંતા માહરા ભરથાર...ઘડી.

ભાનુમતી— (૨૭)

વાલમ થઇ વિરહે ઘેલી જે નેણે નેહ જણાય,
વાલા ઉમંગે શાણા સુ રંગે;
વાલપથી લલચાય નાનીસી નારને,
નાકે છે મોતી, ચીત ચળીત થઇ જાય;
નયને નયન મીલાવ વાલમજી જોઇ જોઇ,
અંતર આ ઉછળાય, તન મન ધન ને જોબન સ્વામી સુસંગે જાય
—વાલમ.

તુલસીદાસજી— (૨૮)

ભકિત રસ અયસા હય મોરે ભાઇ
જો કોઇ પીવે અમર હો જાઇ ભકિત.
સદ્‌ગુરૂ મુખસે ભકિત રસકી
ચોટ હ્રદય લગ જાઇ
આધિ વ્યાધિ ઉપાધિ નસાઇ
દે હરિ ચરણે લપટાઇ ભકિત.
રૂષી મુનિ પીવે, સંત જન પીવે
સરસ હો રસ સુખદાઇ
પુન્ય પુંજસે પ્રેમવો પ્રગટે
તો જન્મ મરણ મીટ જાઇ ભકિત.

પરેલીયા— (૨૯)

રણુછોડ રાય રૂપાળા રંગીલાજી (૨)
ખોલો હમ હીરદાના તાળા રંગીલાજી (૨)
હેત્રકનું હારૂં કર, દયાની નજર ધર
ગરીબ પર ગોપાળા હેજી
પ્રેમે પાળજો દખો ટાળજો
છબીલાજી છેલ છોગાળા રંગીલાજી (૨)
વરહતું હારૂં કર કોઠીમા તુ કણુભર
કપટી કાનડ કાળા હેજી
કુડા મારજો રૂડા તારજો મોટા મોટા
મહિમા વાળા રંગીલજી (૨)

ભકિત— (૩૦)

પ્રભુ ચરણ કમળ ચિત્ત ધરતા રામ તે પામે નરવરતા.
આ જગમા જે જન ધરણીધરનું ધ્યાન ધરતા,
અંતરથી જે ઉચરતા રામ— તે પામે નરવરતા.
સંસારી સુખને છોડી વિદેહી સમ વિચરતા,
તેના કાર્યો પ્રભુ કરતા રામ— તે પામે.

ભકિત—માયા— (૩૧)

હરિ ઉર ધારે મનને મારે ક્ષમા ખડગ કર ધારે જે,
ષડ શત્રુ વિદારે ભકિત પ્રમારે તરીને તારે છે નર તે;
ચંદ્ર પ્રભુના દર્શન કરવા ચકોર ચિતના દર્શન કરીને,
દુખ વિસરતા પ્રફુલ્લ મનમાં— હરિ.

દીન દુખ જોઇ સૌ સુખ ખોઇ નેત્ર આંસુ સારતારે,
હરિજન કોઇ મળે મગ તોએ તનમન ઉપર વારતારે;
એવા ગુણ જ્યારે ધરે ત્યારે, ધન્ય ધન્ય માનવ દેહ તેહ—હરિ.

શ્રી કૃષ્ણ— (૩૨)

આનંદ ઉરમાં અપાર ભક્તો પધાર્યાં છે દ્વાર
તન મનથી મારા પ્યારા પ્રાણ આધાર
રિદ્ધિ સિદ્ધિ છોડી, સર્વ ગણ્યો નહિ રાજ ગર્વ
પામવાને શુદ્ધ ધર્મ, અહિં આવ્યા છે આવાર
ભક્તો સ્વરૂપ મારૂ, ચાહુ નિત તેનુ સારૂં
નહિ નહિ વશ કોન, ભક્તો વશ નિરધાર

પીપાજી-સીતા-- (૩૩)

અમે ટીને પગ ગુરુએ શ્રીનંદ નંદના
કૃષ્ણ—ભક્તો વિઘ્ન નહી વ્યાપે હવે દંદ ફંદના
પીપાજી-સીતા—સાચુ શરણુ સ્વામીનું અમને એક છે
અમારી ચંદ્ર ચકોર જેવી ટેક છે
સુખી રહે જળચળ બધા, પાણી હોય અપાર
કૃષ્ણ—તેમજ મારા રૂપમાં, નિર્ભય નરને નાર અમે
પીપાજી-સચરાચરમાં નાથજી, સર્વ તણા છીએ દાસ
કૃષ્ણ—એ લક્ષણથી ઓળખો, અનન્ય ભકિત ખાસ અમે.

પ્રજાવર્ગ— (૩૪)

ધન્ય ધન્ય ભક્તિ તમારીરે, વશ કર્યા વ્રજ વિહારી રે
ગણી જીંદગી નહિં પ્યારી, તેથી પામ્યા શ્રી મુરારીરે
શુધ્ધ મને સ્મરણુ કરો, સુખ કર સુંદર શ્યામ
પુન્ય બળેથી પામશો, ધરણી ધરનું ધામ
પ્રિતે કહીએ પોકારી, લેજો માની શીખ અમારી.

પીપાજી તથા સાધુ— (૩૫)

રૂડા મારા રામરે વ્હારે વ્હેલા આવજો હેજી
સીતાપતિ જાશે તમારી લાજ... ... ... રૂડા.
સેવકને માથે રે સંકટ આવ્યુ સાંકડું રે જી
નિવારોને અવધ પતિ મહારાજ ... ... રૂડા.
નાથ નિયંતા સર્વના, પરાપાર પરમેશ
કેશવ પ્રભુ કરૂણા કરી, કાપો આ અમ કલેશ;
દુખ માંહી ડુબ્યારે તેને તમે તારજોજી
ગુણ ગાઉ ગોવિંદ ગરીબ નીવાજ .. ..રૂડા રામ.

શ્રીરામ— (૩૬)

વ્હાલા ના વિસારૂં હું તારૂં પ્યારા પ્રેમી ભકતોરે
જનમ મરણ ટાળી તમારા રાખુ શરણમાં રે
સ્નેહ ધરી કરી સ્થાપીશ શાણાઓ શ્રેષ્ટ ગણમાંરે,
ભકિત ગ્રહિને વિદેહી થઇને વિચરો જગમાંરે
અનેક જીવોનો ઉદ્ધાર કરીને મળજો મુજમાંરે.

વિક્રાળ તથા લુટારા— (૩૭)

મારો છાપો દુશ્મન કાપો, બહાદુર બહાદુરી દર્શાવો
વીરો શૂરા બળમાં પૂરા, અજમાવો અરિપર
તીખી આ તલવાર, કરીને ભૂમિ ભેળા
ઝટપટ દઇ ઝપટ, લુટી ઝુંટી મારી પાડી થઇએ જરદાર
શાણા સરદાર, તીરો સાધી નાખો વિંધી રહે તૈયાર
યાર યાર યાર.

વિક્રાળ— (૩૮)

બળવાન બન્યો હુ આહા; (૨)
લુંટારાની ટોળી તણો સરદાર
વિક્રાળ બન્યો હું છુ તેથી વિક્રાળ થયો હુ;
પીપા કેરા પ્રાણ તણો હણનાર.

ગેબી —થાશે થાશે થાશે, નહી હરામી તારી હાણ;
જાશે જાશે જાશે, તુ નરકે નિશ્ચે એ જાણ. બળ.

રામ— (૩૯)

છે કષ્ટ કો કરનાર તે મુજ પ્રાણ પ્યારા ભકતને
જે ધીર થઇને ધ્યાન ધારે, નિ:સાર માની જગતને.
મુજ ઉપર સુખ સહુ વારતા, વળી શુભ ગુણો વિસ્તારતા,
ષડ શત્રુઓને મારતા, અગણીત જીવોને તારતા,
દુ:ખ વૃંદને નવ ગણકારતા.........છે કષ્ટ.

શ્રીરામ— (૪૦)

ચૌદ ભુવનમાં ચિત્ત મારૂં, ભક્ત વિણુ ચાહે નહિં...હાં.
વળી વિશેષે મન મારૂં, ભક્તિ વિણુ ભાવે નહિં ..હાં.
ચરણુ મારે ચિત્ત જોડે, જુઠી જગ જ જાળ ત્રોડે;
મારૂં તારૂં મનથી મોડે અધિક એ વિણુ છે નહિં...હાં.
માટે મનમાં ધૈર્ય ધારો, મુજ સ્વરૂપ અ તર ઉતારો;
વાળ એક વાંકો તમારો, કરનારો કો છે નહિ. હાં.

(૪૧)

કાં—મારા શાણુા શેઠીયા રે— વાહા (૩)
ભુ—ભુતમાઇ ભેટીયા રે— અહા. (૩)
કાં—મારે ચિત્તે ચોટીયા રે— વાહા (૩)
અબળાના આધાર હુલા છો દીલદાર,
વિયોગીને ઠાર,
ભુ—વાહ વાહલી નાર.
કાં—હૈયાના હાર, છો જીવન આધાર
પ્યારી તારો પાડ, રૂડી રંગમાં રમાડ—મારા.

સુરજમલ— (૪૨)

કરૂણુા કીધી કીધી કીધીરે કરૂણુા કીધી
પ્રભુ સાર મારી ઝર લીધી [૨] કરૂણુા.
કામ ક્રોધના વશ વરતીને વ્યાધી વ્હોરી લીધી,
અમર થવાનું અમૃત ઢોળી પ્યાલી વિષની પીધી. કરૂણુા.

પાપી પામર જીવ નવ જાણું, પુજન ભજનની વિધિ
ગુરૂ કૃપાળુ મુખથી પામ્યો, મહા મંત્રની સિદ્ધિરે. કરૂણા.

વિષ્ણુ તથા લક્ષ્મીજી— (૪૩)

ચાલો પ્રભુ ચાલો પીપાજીની પાસ,
પીપાજીની પાસ, ઉર ધારી ઉલ્લાસ,
ભક્તિએ સાચો, અંતર રાચ્યો,
સદાય રટતો એ સાસ ઉસાસ;
ભક્તો ઘણા કદી જગતે થયા,
નહિં એવા બન્યા (૨)
સાચુ સાચુ મનમોહન ધરીને ભાવ,
લેવા લહાવ ચાલો હરી.

અરજણ—કરમશી— (૪૪)

વોય વોય મારા બાપ મને વીસીડે યાં ફટકાવીયો
ગાડે નાડુ તુટી જાય, ડખ માંહી બળે લાય
કેમ કરી તે ઓલાય, પેટડા માંહી ચુંથાય વોય.
અરરર હાય જીવ જાય મારી માય વોય.

છોકરીઓ— (૪૫)

નીચ કુળ માંહી થયો જન્મ અભાગીજી
પાપ અમાપ તણા પરિતાપે
લાય અંતર લાગી પાળક પિતાએ ત્યાગી. થયો.

તાત ત્રિભુવનના તારોને, અઘરૂપ અબળા બાળ
કરૂણાળુ કીરતાર છો, અમ અધમ તણા આધાર છો. નીચ.

છોકરીઓ — (૪૬)

શ્રી સદ્ગુરૂ શરણમાં જઈએ સુખી થાવા
સદા ગોવિદના, અરે હારે જઈએ ગુણો ગાવા,
જીવન જગનાથમા જોડી, બંધન તોડી
મૃત્યુનો ભય સરવ, અરે હારે, છોડી અમર થાવા,
પ્રલય કરવાને અમ પાપો ઘણા શાપો
સદાશિવ સન્મતિ, અરે હારે, આપો ચરણ ન્હાવા.

સમાપ્ત

વધારાના ગાયનો.

ગાયન ૪૦-૪૧ ની વચ્ચે.

દીપસીહજી— (૧)

તાતની વાંસે છું દુખીયારો, દુખીયારો
પડયો છુ એકલડો.. હા.....હા.. ...
છુ દુખીયારો, દુખીયારો..
વિવિધ વિચારે મન મુઝાયે, પિતા સાભરે મારી,
માત છે દુખહારણી, લાડમાં લેખાવતી...આ ..
રાજપાટ સહુ ખારૂ લાગે, ભુવન મને ભયકારી,
મેળવો મહીપાળને, એજ મે માન્યુ હરી...આ .

કુવરી-કુવર— (૨)

પ્યારા પ્રાણ ચાલોજી, સત્વર સીધાવીએ,
સત્વર સીધાવીએ, પિતાને રીઝાવીએ
રસીલી રંગ ઘેલી, રહ્યા છે રંગ રેલી,
નેણ બાણ મારી, ન ઘાયલ બનાવીએ...
લલીત મુખ જોઇ, રહી છુ નિત મોહી,
ગણીને દીન દાસી, આભારી બનાવીએ..

ગાયન ૪૨-૪૩ ની વચ્ચ

લક્ષ્મીજી— (૩)

બલીહારી રસીયાજી ગીરધારી,
સુંદર શ્યામ હો તજી અમને;
વૈકુંઠના વાસી આવા ન બનીયેજી...બલી ..

વાંસલડી કેરા વહાલા ઝણકારા વાગે છે,
સ્નેહે રહોને સુખકારી.. ..સુદર શ્યામ...
ભક્તોને કાજે વહાલા, મુજન વિસારી,
દરશન દ્યોને ગીરધારી.....સુદર શ્યામ...

ગાયન ૪૪-૪૫ ની વચ્ચે

વાંસડાશકર-સ્વચ્છદી— (૪)

ધરી દિલ સતીના ધારા, પતિનો પ્રેમ વધારજો,
ફરી ફરી વિનવુ વ્હાલા, વહેમ સહુ વિસારજો,
આવો મારી મીઠી મેના, ખુની ગયા નસીબ એના,
સલુણી સગે રહી સદા, લાડ ઉમગે લડાવજો.
કેમ ચતુરાં કેવો લ્હેરી, ખાતેથી ખરસાની કેરી,
ભોગી નાગી ઠગો ગીચાગી, એવા દિસો આપ નમેરી,
અરે વાહરે પ્યારી...
જો નહી અડતા રહેજો છેટા, ભામની ભાવે નહી તું ભેટ
ના—કેમ—પર—એમ.....

ગાયન છેલ્લુ

તુલસીદાસજી— (૫)

રસ બસ રહેના રામ ભજનમે.
રેન દિવસ રટી પીરના મગનમે ...રસ ..
સદગુરૂ સેવા સંત સમાગમ,
ભાવે તો જાવે શ્રી રામ શરણમે...રસ...

મહેરબાન ૮

અમારી જુની, જગજાહેર,
ઝવેરાત તથા ચાંદીના સરવે
દાગીના જથાબંધ તૈયાર

તેમજ સેંકડો નમુના બતાવી, ઘણીજ સંભાળ,
ઉતાવળથી વાયદાસર બનાવી આપવામાં આવ

દરેક દાગીનાની હાલમાં ઘણી નવી નવી પેટનો કા વામાં આવી છે. ઈંગ્લીશ જુવેલરી તથા ઉંચા મેકરનાં સોના ઘડીઆળ ઘણા કીફાયત ભાવે વેચવામાં આવે છે.

(૧) સનાણું ટચ અને ગીની ભાંગેલું સોનું, (૨ માલની ખરી ગેરન્ટી, (૩) ચકચકિત મશીન પૉલીસ, ઉમદા કારીગીરી, (૫) કીફાયત ભાવ, (૬) હાલની સુધ નવી નવી પેટનો સરવેનું ખાસ ધ્યાન ખેચે છે.

દેવજી માલ

૧૭૨.

વી નાટકના ઓપેરાની ચોપડીઓ
.શે તેને રોકડે પૈસે વાંકાનેર આર્ય-
ા પાસેથી મળશે—

	નાટકના	ઓપેરા		૦-૨-૦
	નાટકના	ઓપેરા		૦-૨-૦
હ મેહેતો	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
સારી સાવિત્રી	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
જગતસિંહ	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
શેરબાળા	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
ઇન્દુમતી	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
સતી સુ. બા	નાટકના	ઓપેરા		૦-૨-૦
ચંદ્રકાન્તા	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
નર્મદા	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
રમણ સુંદરી	નાટકના	ઓપેરા		૦-૨-૦
શૂરવીર રીવ [illegible]	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
માતા ર[illegible] વર	નાટકના	ઓપેરા	..	૦-૨-૦
પ્રેમચંદ્રિકા	નાટકના	ઓપેરા		૦-૨-૦
સત્યવાદી હરિશ્ચંદ્ર	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
મહારાણા પ્રતાપ	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
ગોપીચંદ	નાટકના	ઓપેરા	...	૦-૨-૦
કુસુમ કિશોરી	નાટકના	ઓપેરા	...	૦-૨-૦

ઉપરના પુર. [illegible] કંપનીના મુકામેથી મળશે તેમજ ગુજરા-
નામાંચા શેહેરોમાં અમારી કંપનીના દરેક એ-
ળશે. વેલ્યુપેએબલ અથવા નૉટપેડ કાગળ રાખ-
વિનંતિ ગ્રંથકર્ત્તા